# ગુજરાતમાં શ્વેતક્રાંતિ

સાગરભાઇ એમ. દેસાઇ
પી.એચ.ડી વિધાર્થી
હેમચન્દ્રાચાર્ય ઉ.ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**1. પ્રસ્તાવના**

ગુજરાત આર્થિક વિકાસની દ્રષ્ટીએ દેશનું અતિ મહત્વનું અગ્રીમ રાજ્ય છે.દસમી યોજનામાં દેશમાં ૮ ટકાનો સરેરાશ વિકાસનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો પણ ગુજરાતને ૧૦.૨ ટકાનો વિકાસ લક્ષ્યાંક સિદ્ધ કરેલ છે.ગુજરાતે માત્ર ઔદ્યોગિક અને સેવાકીય ક્ષેત્રોમાં જ પ્રગતી કરી છે એવું નથી પણ ખેતીના ક્ષેત્રે પણ વિકાસની મોટી હરણફાળ ભરી છે.ખાસ કરીને ગુજરાતમાં આર્થિક સુધારણા સમયમાં ખેતીમાં વિકાસલક્ષી પરિવર્તનો થવાથી ખેતીમાં સારો એવો વિકાસ થયો છે.તેની સાથે ડેરી ક્ષેત્રનો પણ વિકાસ થયો છે.

ગુજરાત રાજ્યની દરેક બાબત આજે ઝડપી વિકાસ અને ધબકતા આર્થિક સુપર પાવર બનવા તરફની ગતિની વાત જોરશોરથી કહી રહી છે.છેલ્લા પાંચ વર્ષમાં દેશે આશરે ૯ ટકાના દરે વિકાસ સાધ્યો છે.એટલુ જ નહિ પણ ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષમાં ગુજરાતનો વિકાસદર ૧૨ ટકાનો નોંધાયો છે.તમામ માપદંડોની કસોતિઅઓ ગુજરાતની સિદ્ધિઓ નોંધપાત્ર સાબિત થઇ છે.

ગુજરાતને આજની ટોચની સ્થિતિ એ પહોચાડવામાં વિશ્વસ્તર ની માળખાકીય સુવિધાઓ જવાબદાર છે. જેને લીધે દરેક ક્ષેત્રે રાજયે વિકાસ સાધ્યો છે.એ ઉપરાંત દુરંદેશીવાળું નેતૃત્વ તથા ઉદ્યોગ સાહસિકતાનો ગુણ પણ એટલો જ જવાબદાર છે. ગુજરાત રસ્તાઓ અને રેલવે નેટવર્ક,બંદરો અને એરપોર્ટથી બાકીના વિશ્વ સાથે બરાબર જોડાયેલું છે.ગુજરાતમાં શ્રેષ્ઠત્તમ બેન્કિંગ અને નાણાકીય સેવાઓ ઉપલબ્ધ છે.ટેલીકોમ્યુનીકેશનનું માળખું સૌથી વધુ સઘનતાથી ફેલાયેલું છે. ઝડપી ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ ને લીધે વીજળીની વધતી જતી માંગને પહોચી વળવાના ઉદ્દેશથી રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ ઉત્પાદન એકમોનો નોધાપત્ર પ્રમાણમાં વિકાસ થયો છે. ગુજરાતે જુદા જુદા ક્ષેત્રોમાં જાહેર-ખાનગી ક્ષેત્રની ભાગીદારીની બાબતમાં પણ જ્વલંત સફળતા હાંસલ કરી છે.ગુજરાત વિશ્વસ્તરે મૂડીરોકાણ કરવા માટેના સૌથી વધુ અનુકુળ સ્થળ તરીકે ઉભર્યુ છે.અને સમગ્ર વિશ્વમાં મૂડીરોકાણ માટે નું એક આકર્ષક કેન્દ્ર બન્યું છે.તીવ્ર ગતિએ થઈ રહેલા ઔદ્યોગિક વિકાસ અને વ્યાપારી અને રીટેલ ક્ષેત્રોમાં આવેલી તેજીના કારણે રાજ્યમાં રોજગારીની અનેક તકો સર્જાઈ છે.ગુજરાતે સતત છેલ્લા ચાર વર્ષથી મહત્તમ રોજગારીની તકો સર્જવામાં પોતાનો રેકોર્ડ નોધાવ્યો છે.તેના લીધે જનતાનું જીવન ધોરણ સારાએવા પ્રમાણમાં સુધર્યું છે.

ગુજરાત લગભગ અધર્હાજર ગામડાઓથી બનેલું રાજ્ય છે.ગુજરાતના ગ્રામીણ વિકાસમાં ડેરી પ્રવૃત્તિઓં નો વિકાસ એક અસરકારક અને મહત્વનું સાધન બન્યું છે.ગામડાઓ માં દૂધ માત્ર પૌષ્ટિકઆહાર નહિ, પણ આર્થિક પ્રગતિનું એક સાધન બન્યું છે. ગામડાઓમાં ડેરી પ્રવૃત્તિ સ્વરોજગારીની તકો ઉભી કરે છે.જમીન

વિહોણા,સીમાંત અને નાના ખેડૂતોની આવકોમાં વધારો કરે છે.તથા લોકોને ખુબજ જરૂરી પોષણ પૂરું પાડે છે.દુધના ઉત્પાદન અને ભાવોની સ્થિરતા,વર્ષભર રોકડ આવક ઘરના સભ્યોની શક્તિનો ઉપયોગ વગેરેને લીધે ડેરી પ્રવૃત્તિ અન્ય ખેત પેદાશોની સરખામણીએ ગામડાઓમાં વધુ લાભદાયી બની છે.ડેરી પ્રવૃત્તિ ગ્રામ વિકાસ માટેનો સ્થિર પાયો નાખવામાં મદદરૂપ બની છે.

ગુજરાતમાં ડેરીઉધોગ ક્ષેત્રે સહકારી ડેરીનું સ્થાન ખુબજ મહત્વનું છે વિશ્વમાં સહકારી ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ડેન્માર્કનું વિશિષ્ટ સ્થાન છે.તેવીરીતે ભારતમાં સહકારી ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત મોખરે છે.ગુજરાતમાં કુલ ૧૨ દૂધ સંઘો અને ૧૯ ડેરી પ્લાન્ટ છે. ૨૦૦૬ માં પ્રાથમિક દૂધઉત્પાદક સહકારી મંડળીઓ ની સંખ્યા ૧૧,૯૬૨ હતી.ડેરીઓ ની દૈનિકક્ષમત ૬૪૨૧ હાજર લીટરની છે.સમગ્ર દેશમાં દુધ ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો પાંચમો ક્રમ આવે છે. દૂધ ઉત્પાદનમાં ખાનગી અને સહકારી ક્ષેત્રોદ્વારા થતા ઉત્પાદનમાં ગુજરાતમાં સહકારી ક્ષેત્ર દ્વારા વધુ ઉત્પાદન થાય છે.

ડેરી ઉદ્યોગના વિકાસ નો આધાર પશુપાલન પર રહેલો છે.ગુજરાતમાં પશુપાલન પ્રવૃત્તિનો પણ નોધપાત્ર પ્રમાણમાં વિકાસ થયો છે.શ્વેતક્રાંતિ ગુજરાત ના અર્થતંત્રમાં અમુલ પરિવર્તનો લાવી છે.રાજ્યમાં છેલ્લા દશાક દરમિયાન દૂધઉત્પાદનમાં નોધપાત્ર પ્રમાણમાં વધારો થયો છે.દૂધ ઉત્પાદન માં વધારાની સાથે વસતી વધારો પણ થયો છે.તેમ છતાં દૂધવધવાનો દર વધુ હોવાથી માથાદીઠ દુધ પ્રાપ્યતા સમગ્ર દેશની માથાદીઠ દૂધપ્રાપ્યતા કરતા વધારે રહેવા પામી છે.ભારતમાં માથાદીઠ દૂધનું સભ્ય પ્રમાણ દૈનિક ૨૪૬ ગ્રામ છે.જયારે ૨૦૦૪-૨૦૦૫ માં ગુજરાતમાં આ પ્રમાણ ૩૩૭ ગ્રામ રહેવા પામ્યું છે. ગુજરાતમાંથી અમુલ અને દૂધસાગર જેવી સહકારી ડેરી નું દૂધ ગુજરાત બહારના રાજ્યો અને વિદેશોમાં નિકાસ કરીને રાજ્યની અને સમગ્ર દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો મેળવી શકાય છે.

### 2. ગુજરાતમાં શ્વેતક્રાંતિના વિકાસમાં મુખ્ય ચાર ડેરીઓનો ફાળો

ગુજરાત રાજ્ય ભારત દેશની જેમ ખેતીપ્રધાન જોવા મળે છે. જેમાં મોટાભાગની વસ્તી ગામડાંમાં વસે છે. જેનો મુખ્ય વ્યવસાય ખેતી અને તેની સાથે સંકળાયેલ આનુષંગિક પ્રવૃત્તિઓ છે. જેમાં ગામડાંના લોકો પશુપાલન દ્વારા પૂરક આવકનું સાધન એ ડેરી ઉધોગ પૂરું પાડે છે. જેમાંથી ૪૬% જેટલી આવક પશુપાલન દ્વારા દુધમાંથી મેળવે છે.

### 3. ડેરી ઉધોગની શરૂઆત

ગુજરાતમાં સૌપ્રથમ સહકારી ધોરણે દૂધ મંડળીની શરૂઆત સૂરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં ઈ.સ. ૧૯૩૯માં કરવામાં આવી હતી.

### 4. આણંદ ખાતે અમૂલ ડેરીની સ્થાપના

આણંદમાં “આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ” (અમુલ)ની સ્થાપના ઈ.સ. ૧૯૪૬માં થઈ હતી. જેને એશિયાની સૌથી મોટી ડેરી તરીકે ઓળખવામાં આવે છે. જેના પહેલા દિવસે ૨૫૦ લિટર દૂધની હેરફેર કરવામાં આવી હતી. તેથી આણંદ જિલ્લામાં દૂધ ઉત્પાદકનો વિકાસ ક્રમશ: થતો ગયો. જેથી ઢોરના ખાણ માટે આણંદ જિલ્લાના કેજરી ખાતે પશૂદાણનું કારખાનું સ્થાપવામાં આવ્યું છે. ખેડા ને આણંદ જિલ્લામાં કુલ ૧૦૨૮ દૂધ

ઉત્પાદક સહકારી મંડળીઓ અમૂલને દૂધ આપે છે. અને આજે અમુલની દૂધ એકત્ર કરવાની ક્ષમતા ૯ લાખ લિટર દોધ છે. તેમાંથી ૨ લાખ લિટર દોધ વિતરણ કરવામાં આવે છે. અને બાકીના દૂધમાંથી મિલ્ક પાઉડર, મલાઈ, શીખંડ, ઘી, દહીં, છાશ, ચીઝનું ઉત્પાદન કરવામાં આવે છે. અમૂલે ૨૦૦૦-૦૧ માં ૨૭.૮ કરોડ કિલોગ્રામ દૂધ એકત્ર કર્યું હતું. જેમાં ૧૩.૩ કરોડ કિલોગ્રામ ભેંસોનું દૂધ ૮.૩કરોડ કિલોગ્રામ ગાયનું દૂધ તથા ૬.૨ કરોડ કિલોગ્રામ મિશ્ર દૂધનો સમાવેશ થાય છે. અમૂલે તેની દૂધની બનાવટો દેશ ઉપરાંત નેપાળ, ભુતાન, કુવૈત, દુબઈ, સીંગાપુર, ઓમાન, અબુધાબી, બહેરીન, અને યુ.એ.સ માં નિકાસ કરવામાં આવે છે. જે દેશ માટે તેમજ ગુજરાત માટે ખુબ જ ગૌરવની બાબત ગણાય છે. **વિશ્વમાં ગ્રામ્યકક્ષાએ ISO પ્રમાણપત્ર મેળવવામાં આણંદ ડેરી મોખરે સ્થાન ધરાવે છે.**

### 5. મહેસાણા ખાતે સાગર ડેરીની સ્થાપના

ઈ.સ. ૧૯૬૪ માં સહકારી ધોરણે ૧.૫લાખ લિટર દૂધની સ્થાપિત શક્તિ ધરાવતું, “સાગર” નામનું દૂધ બનાવટોનું એક આધુનિક કારખાનું મહેસાણા ખાતે શરૂ કરવામાં આવ્યું મહેસાણા ખાતે ૧૦૫૫ જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ જે આ ડેરીને દૂધ આપે છે. સાગર ડેરી ૭.૫૦ લાખ લિટર દૂધ પ્રાપ્તિની દૈનિક ક્ષમતા ધરાવે છે. તેમાંથી ૫.૩૭ લાખ લિટર દૂધ એકત્ર કરવામાં આવે છે. આ ડેરી ૧.૪૪ લાખ લિટર દૂધનું વિતરણ કરે છે. આ વિસ્તારમાં ઓછા વરસાદ ને લીધે ટુંકું ઘાસ ઉગે છે. જે પશુપાલન માટે લાભકારક છે. જેથી અહીંની દૂધાળી મહેસાણી ભેંસ પણ જાણીતી જોવા મળે છે. જે વધુ દૂધ માટે જાણીતી છે. અને આ જિલ્લા તે બોરીયાવી અને ઉબખલમાં “સાગરદાણ” એ પશુદાણ નું કારખાનું આવેલ છે. સાગર ડેરી સ્કિમ મિલ્ક પાઉડર, હોલ મિલ્ક પાઉડર, મિલ્ક ફુડ પાઉડર, માખણ, ઘી, અને કેસીનનું ઉત્પાદન થાય છે. જે છેક દિલ્હી સુધી મોકલવામાં આવે છે.

### 6. પાલનપુર ખાતે બનાસડેરી ની સ્થાપના

ઈ.સ. ૧૯૬૯માં બનાસકાંઠા જિલ્લામાં પાલનપુરમાં બનાસડેરી ની સ્થાપના કરવામાં આવી. આ જિલ્લામાં સુકી આબોહવા પશુઓને વધુ માફક આવે છે. જેથી આ જિલ્લાની કાંકરેજી ગાય, બળદ, ભેંસ જાણીતા જોવા મળે છે. આ જિલ્લામાં ૧૧૦૮ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ જે આ ડેરી ને દૂધ આપે છે. આ ડેરી ની દૈનિક દૂધ એકત્ર કરવાની ક્ષમતા ૩.૫૦ લાખ લિટર છે. જેમાંથી ૧ લાખ લિટર દૂધ એકત્ર કરવામાં આવે છે અને ૦.૫૯ હજાર લિટર દૂધનું વિતરણ થાય છે. અને પાલનપુરમાં પશુદાણ માટે બનાસદાણ ઉત્પન્ન કરતું કારખાનું આવેલ છે. આ ડેરી ઈન્સ્ટસ્ટ્ર મિલ્ક મિક્સ નામનું મીઠા પાઉડરનું ઉત્પાદન કરે છે. અને કલકત્તા તથા તેની આસપાસના વિસ્તારોમાં મોકલવામાં આવે છે..

### 7. હિંમતનગર ખાતે સાબરડેરીની સ્થાપના

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે “સાબર” ડેરી આવેલ છે. સાબરકાંઠા જિલ્લામાં ગુજરાતમાં સૌથી વધુ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ૧૫૫૪ જેટલી જોવા મળે છે. આ ડેરીની દૈનિક દૂધ એકત્ર કરવાની ક્ષમતા ૪ લાખ લિટર છે. ૦.૭૯ હજાર લિટર દૂધ વિતરણ કરવામાં આવે છે. આ સાબરડેરી દ્વારા સ્કિમ મિલ્ક પાઉડર, હોલ મિલ્ક પાઉડર, માખણ, ઘી, કેરોસીન, તેમજ અમુલ સ્પ્રે નું ઉત્પાદન કરવામાં આવે છે.